અપની નિગહ મેં હમે રખના, શીખે હમ નેક રાહ પર ચલના, તેરી પનાહમે હમે રખના, શીખે હમ નેક રાહ પર ચલના

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૧૨૯૫ |
| અમદાવાદ | ૧૭૦ |
| ગાંધીનગર | ૩૫ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૮૦ ૯ સપ્ટેમ્બર, ૨૦૨૦, બુધવાર; ભાદરવા વદ - ૭ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ભારતીય અને ચીની સૈનિકોની વચ્ચે શૂટઆઉટ

## ૪૫ વર્ષ પછી ભારત અને ચીન વચ્ચે ફાયરિંગની ઘટના : ચીને દાવો કર્યો ભારતીય સૈનિકોએ ગોળીઓ ચલાવીને કરારનું ઉલ્લંઘન કર્યું, ભારતીય સૂત્રોનો દાવો છે ચીની સૈનિકો ગલવાનની જેમ હિંસા કરવા માગે છે



નવી દિલ્હી, તા.૮

ભારત અને ચીન વચ્ચે પૂર્વી લદ્દાખમાં પેંગોંગ સો તળાવની દક્ષિણ તરફની પરિસ્થિતિ અત્યંત ગંભીર બની રહી છે. ચીનની વેસ્ટર્ન થિયેટર કમાન્ડે આરોપ લગાવ્યો છે કે સાત સપ્ટેમ્બરના રોજ તેના સૈનિકો વાટાઘાટો કરવા ગયા હતા અને ત્યાં ભારતીય સૈનિકોએ તેમના પર ગોળી મારી હતી. જો ચીનનો આક્ષેપ સાચો છે, તો ૪૫ વર્ષ પછી આ પહેલીવાર છે જયારે બંને દેશો વચ્ચે શૂટઆઉટ થાય છે. બીજી તરફ, ભારતીય સૂત્રો કહે છે કે, ચીની સૈનિકો ટોચ પર કબજો મેળવવા માટે ગાલવાન જેવી હિંસાને પુનરાવર્તિત કરવા માંગતા હતા અને ભારતીય સૈનિકોએ બચાવમાં હવામાં ગોળીબાર કરવો પડ્યો. ચીનના સરકારના પ્રચાર પ્રસારણ અખબાર ગ્લોબલ ટાઈમ્સે પેંગોગ ચીન સૈન્યની વેસ્ટર્ન થિયેટર કમાન્ડના પ્રવક્તાને ટાંકીને એક અથડામણનો દાવો કર્યો છે. ગ્લોબલ ટાઈમ્સે લખ્યું છે કે,

● અનુસંધાન પાન-૭ પર

## એલએસી પર સ્થિતિ ઘણી ગંભીર, રાજનૈતિક વાતચીત જરૂરી : જયશંકર

ન્યુ દિલ્હી,તા.૮

લદાખમાં આવેલી ભારત-ચીનની સરહદ ઉપર તણાવની સ્થિતિમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે વિદેશ પ્રધાન એસ. જયશંકરે મહત્વનું નિવેદન આપ્યું છે. તેમણે એલએસી ઉપર ગંભીર સ્થિતિનું નિર્માણ થયું હોવાનું તથા રાજનીતિક વાતચીતની વધારે જરૂર હોવાનું નિવેદન આપ્યું છે. ચીન સાથે વિવાદોને વિદેશ મંત્રી એસ જયશંકરએ ખુબજ ગંભીર સ્થિતિ ગણાવી છે. રશિયાના માસ્કો રવાના થતા પહેલા વિદેશ મંત્રીએ કહ્યું હતું કે, વાસ્તવિક નિયંત્રણ રેખા પર સ્થિતિ ઘણી ગંભીર છે અને આ મામલે સમાધાન માટે રાજકીય સ્તર પર ચર્ચા જરૂરી છે. જયશંકર મોસ્કોમાં ચીનના વિદેશ મંત્રી વાંગ યી સાથે મુલાકાત કરશે.

એવામાં તેમણે પહેલા જ ચીનને ભારતના સ્ટેન્ડની જાણકારી આપી છે. વિદેશ મંત્રી રશિયામાં સાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (એસસીઓ)ની બેઠકમાં ભાગ લેશે. વિદેશ મંત્રી જયશંકરે વધુમાં કહ્યું હતું કે, સીમા પર શાંતિ વગર બંને દેશોના સંબંધ શાંતિપૂર્ણ રહી શકે નહીં. તે તેમના ચીની સમકક્ષને શું સંદેશ આપશે? તેનો જવાબ આપતા વિદેશ મંત્રીએ કહ્યું હતું કે, હું તેમને શું કહીશ તે કહેવું અત્યારથી મુશ્કેલ છે.

પરંતુ મારો ભાર શાંતિ દ્વારા સમાધાન કરવા પર રહેશે. એસ જયશંકરે ૧૯૯૩ બાદથી સીમા પ્રબંધન પર બંને દેશોની વચ્ચે થયેલા કરારનો



ઉલ્લેખ કરતા કહ્યું હતું કે, ચીને અગાઉના કરાર પર ધ્યાન રાખવું જોઈએ. વર્તમાન સમયમાં જે સ્થિતિ ઉભી થઈ છે, તે ખુબ જ ગંભીર છે. ખાસ કરીને મેથી ન્છઝ પર સ્થિતિ ઘણી ગંભીર છે અને આ મામલે સમાધાન માટે રાજકીય સ્તર પર ચર્ચા કરવાની જરૂરીયાત છે. જયશંકર ૧૦ સપ્ટેમ્બરના મોસ્કોમાં એસસીઓના વિદેશ મંત્રીઓની બેઠક વહેલા ચીનના વિદેશ મંત્રીને મળવાના છે.

## દુનિયા બીજી મહામારી માટે સુસજ્જ રહે : ડબલ્યુએચઓ

### WHOના પ્રમુખે ચેતવણી આપી : કોરોનાને કારણે વૈશ્વિક સ્તરે ૨૭.૧૯ મિલિયન લોકોને ચેપ લાગ્યો તેમજ ૮.૮૮ લાખથી વધુ લોકો મૃત્યુ પામ્યા

નવી દિલ્હી, તા.૮

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનએ દુનિયાને બીજી મહામારી માટે તૈયાર રહેવાની ચેતવણી આપી છે. કોરોના વાયરસના સંક્રમણ અને તેની અસરોને ધ્યાનમાં રાખીને ડબલ્યુએચઓ ચીફ ટેડ્રોસ અદાનોમ ગેબ્રેયસુસે સોમવારે જણાવ્યું હતું કે, વિશ્વવ્યાપી દેશોએ આગામી રોગચાળા પહેલા પબ્લિક હેલ્થમાં ઘણાં બધાં નાણાનુ રોકાણ કરવુ જોઈએ, નહીં તો કોરોના જેવી સ્થિતિની આશંકા છે. ડૉ. ટેડ્રોસે કહ્યું કે, નોવેલ કોરોના વાયરસને કારણે વૈશ્વિક સ્તરે ૨૭.૧૯ મિલિયન લોકોને ચેપ લાગ્યો છે તેમજ ૮.૮૮ લાખથી વધુ લોકો મૃત્યુ પામ્યા છે. રોઈટર્સના આંકડા પ્રમાણે

● અનુસંધાન પાન-૭ પર




## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૨૭૫૫૭૪૪૧ | ૮૯૭૯૩૩ | ૧૯૬૫૪૮૮૮ |
| ભારત | ૪૩૨૬૭૩૭ | ૭૩૩૧૧ | ૩૩૬૩૭૭૦ |
| ગુજરાત | ૧૦૬૯૬૬ | ૩૧૩૬ | ૮૭૫૭૯ |
| ગાંધીનગર | ૨૭૨૨ | ૧૪૮ | ૨૨૩૧ |

## દેશમાં કોરોનાના કેસ ૪૩ લાખની નજીક

### દેશમાં ઝડપથી વધતું મહામારીનું સંક્રમણ : ૨૪ કલાકમાં નવા ૭૫,૮૦૯ કેસ : ૭૨ હજારથી વધુ મોત : કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૮,૮૩,૬૯૭ છે જ્યારે ૩૩,૨૩,૯૫૧ લોકો સાજા થયા

નવી દિલ્હી, તા. ૮

ભારતમાં કોરોના વાઈરસનું સંક્રમણ ઝડપથી વધી રહ્યું છે. છેલ્લાં ૨૪ કલાકમાં દેશમાં કોરોના વાઈરસના સંક્રમણના નવા ૭૫,૮૦૯ કેસ આવ્યા છે. આ સાથે જ ભારતનો કોરોના વાઈરસના સંક્રમિતોનો કુલ આંકડો ૪૩ લાખની પાસે પહોંચી ગયો છે. દેશમાં કુલ સંક્રમિતોની સંખ્યા ૪૨,૮૦,૪૨૩ થઈ ગઈ છે. ભારત કોરોના વાઈરસના મામલે હાલ વિશ્વમાં બીજા નંબરે છે. અમેરિકામાં સૌથી વધુ કોરોના વાઈરસના સંક્રમિતોની સંખ્યા છે.

દેશમાં અત્યાર સુધીમાં કોરોના વાઈરસના કારણે કુલ ૭૨,૭૭૫ લોકોનાં મોત થયાં છે. છેલ્લા ૨૪ કલાકમાં ભારતમાં ૧,૧૩૩ લોકોનાં કોરોનાને કારણે મોત થયાં છે. હાલ ભારતમાં કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૮,૮૩,૬૯૭ છે જ્યારે ૩૩,૨૩,૯૫૧ લોકો અત્યારસુધીમાં સાજા થયા છે. દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૨૭૦૯૪૭૭૫ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૮૮૩૦૭૮ લોકોના મોત નિપજ્યા છે જ્યારે ૧૮૧૨૬૫૪૮ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૮૦૮૫૧૪૯ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર ભારત, ત્રીજા સ્થાન પર બ્રાઝીલ અને ચોથા સ્થાન પર રશિયા છે.

## એમપીમાં સ્ટેમ્પ ડ્યુટી ઘટાડી એક ટકા કરાઈ

ભોપાલ, તા. ૮

મધ્યપ્રદેશ સરકારે સ્ટેમ્પ ડ્યૂટીનો દર ત્રણ ટકાથી ઘટાડી એક ટકા કર્યો છે. અગાઉ મહારાષ્ટ્ર સરકાર પણ આવો ઘટાડો કરી ચૂકી છે. મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું કે શહેરી ક્ષેત્રોમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા દસ્તાવેજ નોંધણી ફીમાં ઘટાડો કરાયો છે. કોરોનાને કારણે આર્થિક ગતિવિધિ સ્થગિત થઈ ગઈ છે. રિયલ એસ્ટેટ ક્ષેત્ર પણ તેમાંથી બાકાત નથી. આ ક્ષેત્રને ઉત્તેજન આપવા આ નિર્ણય લેવાયો છે. આ ૩૧ ડિસેમ્બર સુધી અમલી રહેશે. મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે સોમવારે જણાવ્યું કે સ્ટેમ્પ ડ્યુટીમાં ઘટાડાનો ઉદ્દેશ રિયલ એસ્ટેટ

● અનુસંધાન પાન-૭ પર

## એનસીબી દ્વારા રિયાની ધરપકડ

### સુશાંતસિંહ રાજપૂત આત્મહત્યા કેસમાં સૌથી મોટી ધરપકડ : લાંબી પુછપરછ બાદ અભિનેત્રી રિયા ચક્રવર્તીની ડ્રગ્સ મામલે ધરપકડ કરી મેડિકલ ચેકઅપ માટે હોસ્પિટલમાં લઈ જવાઈ : આજે કોર્ટમાં રજૂ કરાશે



મુંબઈ, તા. ૮

બોલિવૂડ એક્ટર સુશાંત સિંહ રાજપૂતના મોત મામલે અત્યાર સુધીની સૌથી મોટી ધરપકડ થઈ છે. આ કેસમાં મુખ્ય આરોપી રિયા ચક્રવર્તીની નાર્કોટિક્સ કંટ્રોલ બ્યૂરો (એનસીબી)એ ધરપકડ કરી છે. હવે બુધવારે (૯ સપ્ટેમ્બર)ના રોજ રિયાને કોર્ટમાં રજૂ કરવામાં આવશે. ૯ સપ્ટેમ્બરના રોજ શૌવિક ચક્રવર્તી, સેમ્યુઅલ મિરાન્ડા અને દીપેશ સાવંતનાં રિમાન્ડ પૂરી થઈ રહ્યા છે. આથી એનસીબી રિયા અને આ ત્રણેને પણ એકસાથે જ કોર્ટમાં રજૂ કરશે. કોર્ટની કાર્યવાહી પણ વીડિયો કોન્ફરન્સ દ્વારા થશે.

સૂત્રો અનુસાર કોર્ટ પાસેથી એનસીબી રિયાની ડિમાન્ડની માગણી કરશે જ્યારે બાકી ત્રણનાં રિમાન્ડનો સમયગાળો વધારવા માટે પણ કહેશે. હવે જયારે રિયાએ પોતાની પર લાગેલા આરોપો ફગાવ્યા હતા. જોકે, ત્રીજા દિવસે પૂછપરછમાં તેણે કબૂલ કર્યું કે તેણે ડ્રગ્સ મેળવવામાં મદદ કરી હતી.

પૂછપરછમાં રિયાએ એ વાત પણ કબૂલ કરી કે તે સુશાંતની એ ડ્રગ્સ પાર્ટીઓમાં પણ તેણે હાજરી આપી હતી જ્યાં સુશાંતે

● અનુસંધાન પાન-૭ પર




જિલ્લા પંચાયતના સદસ્યશ્રીઓ, કોંગ્રેસ પાર્ટી

| | | |
|---|---|---|
| પ્રમુખશ્રી | : | મંગુબેન શનાભાઈ પટેલ |
| ઉપપ્રમુખશ્રી | : | ભરતકુમાર બળદેવભાઈ પટેલ |
| ચેરમેનશ્રી | : | નરેશકુમાર કાંતિજી ઠાકોર |
| ચેરમેનશ્રી | : | ભાવિનસિંહ માનસિંહજી ઠાકોર |
| | : | જગતસિંહ ભવાનસિંહ ઝાલા |
| | : | બેચરજી સવધાનજી ઠાકોર |
| | : | અરવિંદસિંહ અમરસિંહ સોલંકી |


## આ વખતે આઈપીએલ જીતવાની આશા : કોહલી

### છેલ્લી ત્રણ સીઝનમાં પ્લે ઓફમાં સ્થાન મળ્યું નથી : ૨૦૧૬માં આ પ્રકારની શાંતિ અનુભવાઈ હતી, ત્યારબાદ ટીમ આઈપીએલની ફાઈનલમાં પહોંચી હતી : વિરાટ

દુબઈ,તા.૮

અત્યાર સુધીમાં વિરાટ કોહલી અને તેની રોયલ ચેલેન્જર્સ બેંગલોર (આરસીબી)ની ટીમ ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની તમામ સીઝનમાં નિષ્ફળતાઓથી પોતાને અલગ રાખીને અપેક્ષાઓના દબાણ વિના લીગમાં આવશે. કોહલીનું કહેવું છે કે તેમને ૨૦૧૬માં આ પ્રકારની શાંતિ અનુભવાઈ હતી. ટીમમાં કોહલી અને એબી ડી વિલિયર્સ જેવા ચેમ્પિયન ખેલાડીઓની હાજરી હોવા છતાં, આરસીબી છેલ્લા ત્રણ સીઝનમાં પ્લે ઓફમાં સ્થાન મેળવી શક્યું નથી. ટીમ છેલ્લી વખત ૨૦૧૬માં ફાઈનલમાં પહોંચી હતી જેમાં કોહલીએ ચાર સદી ફટકારી હતી. ભારતીય કેપ્ટનએ આરસીબીના યુટ્યુબ શો બોલ્ડ ડાયરીઝમાં કહ્યું હતું કે, ૨૦૧૬ની આઈપીએલમાં ભાગ લેવાનો આનંદ થયો. તે પછીની સૌથી સંતુલિત ટીમ છે. કોહલીએ કહ્યું કે તેને અને ડી વિલિયર્સ બંનેને લાગ્યું કે આ સિઝન સફળ થઈ શકે છે. તેણે કહ્યું, મોસમ પહેલા મને ક્યારેય આવી શાંતિ નહોતી લાગી.



બેસણું

શ્રી કાન્તિભાઈ એન. પંડ્યા (નિવૃત, વિભાગીય હિસાબનીશ)ના ધર્મપત્નિ અ.સૌ. **ભાનુબેન કાન્તિભાઈ પંડ્યા** નો તા.૭-૯-૨૦૨૦ને સોમવારના રોજ સ્વર્ગવાસ થયેલ છે.

વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ટેલિફોનીક બેસણું તા.૧૦-૯-૨૦૨૦ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે રાખેલ છે.

લિ. કાન્તિભાઈ એન. પંડ્યા

ભરત કે. પંડ્યા (પુત્ર)
રાજેશ કે. પંડ્યા (પુત્ર)
M. 98245 43073
નિલેશ કે. પંડ્યા (પુત્ર)
M. 98245 43070
ડો. ચિરાગ બી. પંડ્યા
M. 90999 62599
ડો. મિહિર બી. પંડ્યા
M. 99781 36367
ડો. પાર્થ એન. પંડ્યા
M. 99938 34631
ડો. હર્ષ એન. પંડ્યા
M. 91793 14239

દક્ષા બી. પંડ્યા
M. 98986 30529
પ્રીતિ આર. પંડ્યા
M. 98246 55677
પૂર્ણિમા એન. પંડ્યા
M. 99982 38370
ડો. દિશા સી. પંડ્યા
M. 98792 12349
ડો. બિંદિ એમ. પંડ્યા
M. 99133 77282
ડો. કિન્નરી પી. પંડ્યા
M. 94083 78386
ડો. લિના આર. પંડ્યા
M. 94834 06443